Friday
24.04.2026
*Volume :10 * Issue No.287
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્
KAMALAM Daily
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## કેન્દ્રીય જલ શકિત મંત્રી શ્રી સી. આર. પાટીલે ભારતના પ્રખ્યાત વૈશ્વિક જળ કાર્યક્રમ ‘ઈન્ડિયા ઈન્ટરનેશનલ વોટર વીક’ના ૯મા સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું

**આ પ્રસંગે વિશ્વના ૧૫૦ દેશોને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ મંચ દ્વારા ક્લાઈમેટ-રિઝિલિયન્ટ વોટર મેનેજમેન્ટ અને વૈશ્વિક સહકાર માટે મહત્વપૂર્ણ સંવાદ આગળ વધારવાનો હેતુ**



કમલમ્,
જલ શક્તિ મંત્રાલય દ્વારા ૨૨ થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે "ક્લાયમેટ રેઝિલિયન્ટ વોટર મેનેજમેન્ટ" (Climate Resilient Water Management) થીમ પર ૯મી આવૃત્તિના ઈન્ડિયા ઈન્ટરનેશનલ વોટર વીક (IIWW-2026) નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટની શરૂઆત તરીકે, કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે આજે શ્રમ શક્તિ ભવન, નવી દિલ્હી ખાતે IIWW-2026 લોન્ચ કર્યું હતું, જ્યાં તેમણે સત્તાવાર બ્રોશર બહાર પાડ્યું હતું અને IIWW-2026 વેબસાઈટ પોર્ટલ લાઈવ કર્યું હતું. આ કાર્યક્રમમાં જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગ (DoWR, RD & GR) ના સચિવ શ્રી વી. એલ. કાંથા રાવ; પેયજળ અને સ્વચ્છતા વિભાગ (DDWS) ના સચિવ શ્રી અશોક કે. કે. મીના; રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સીના મહાનિર્દેશક શ્રી બાલેશ્વર ઠાકુર; કેન્દ્રીય જળ આયોગના અધ્યક્ષ શ્રી અનુપમ પ્રસાદ; અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર, નેશનલ વોટર મિશન સુશ્રી અર્ચના વર્મા; તથા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ તેમના સંબોધનમાં આગામી કાર્યક્રમની મુખ્ય લાક્ષણિકતાઓ પર પ્રકાશ પાડ્યો હતો અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે IIWW-2026 જળ વ્યવસ્થાપનમાં જ્ઞાન, અનુભવો અને શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરવા માટે વિશ્વભરના નિષ્ણાતો, આયોજકો, નવીનતા લાવનારાઓ અને હિતધારકોને એકસાથે લાવશે. મીડિયા સાથેની વાતચીત દરમિયાન, કેન્દ્રીય મંત્રીએ વિકસિત ભારતના વિઝનને હાંસલ કરવા માટે પાયાના પથ્થર તરીકે સતત જળ સંરક્ષણ પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે સપ્ટેમ્બર ૨૦૨૪ માં ’જલ સંચય જન ભાગીદારી’ના લોન્ચિંગ દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા આહ્વાનને યાદ કર્યું હતું, જેમાં નાગરિકોને જળ સંરક્ષણને જન આંદોલન બનાવવા માટે વિનંતી કરવામાં આવી હતી. તેમણે રેખાંકિત કર્યું હતું કે આ પહેલ હેઠળ અત્યાર સુધીમાં ૬૦ લાખથી વધુ કૃત્રિમ રિચાર્જ અને જળ સંરક્ષણ માળખાં બનાવવામાં આવ્યા છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મે ૨૦૨૬ સુધીમાં એક કરોડ માળખાંનો લક્ષ્યાંક હાંસલ કરવામાં આવશે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના નિર્દેશો મુજબ, MGNREGS /VB G RAM G હેઠળ ખર્ચનો મોટો હિસ્સો, જે ૬૫% થી ૩૦% સુધીનો છે, તે જળ સંરક્ષણ પ્રવૃત્તિઓ માટે ફાળવવામાં આવ્યો છે. સપ્ટેમ્બરમાં યોજાનારી પાંચ દિવસીય કોન્ફરન્સમાં દ્વિપક્ષીય બેઠકો અને સત્રોની વિશાળ શ્રેણી હશે, જેમાં મંત્રી સ્તરીય પ્લેનરી, ગ્લોબલ વોટર લીડર્સ પ્લેનરી (GWLPLN), વોટર લીડર્સ ફોરમ (WLF), પ્રેક્ટિશનર્સ ફોરમ (PF), કન્ટ્રી ફોરમ, થીમેટિક ફોરમ (TF), યુથ ફોરમ (YF) અને સ્ટાર્ટ-અપ ફોરમનો સમાવેશ થાય છે. થીમેટિક ફોરમમાં સમાવિષ્ટ અને સમાન જળ શાસન, જળ સંસાધનોના મહત્તમ ઉપયોગ માટે સહયોગ, જળ સુરક્ષા માટે ટેકનોલોજી અને સમુદાય, આબોહવા સંબંધિત જોખમોમાં પાણી, જળ માળખાગત સુવિધાઓ અને આધુનિકીકરણ માટે નવીન ધિરાણ મોડલ્સ, ટકાઉ જળ સંસાધન વ્યવસ્થાપન અને લોકો તથા પૃથ્વી માટે જળ જેવા પેટા-વિષયો આવરી લેવામાં આવશે. મંત્રાલયો, વિભાગો, આંતરરાષ્ટ્રીય સંગઠનો, યુવા વ્યાવસાયિકો, શાળાના બાળકો, એનજીઓ અને સફળતાની ગાથાઓ સાથે સંકળાયેલા વિશેષ સત્રો અને કાર્યક્રમો કોન્ફરન્સની સમાવેશીતામાં વધુ વધારો કરશે. આ ઈવેન્ટમાં જળ ક્ષેત્રની વિવિધ થીમ પર ૪૯ સત્રો સામેલ હશે. લગભગ ૧૫૦ દેશોને ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે, જેમાં ૧૧ દેશો ભાગીદાર દેશો તરીકે જોડાય તેવી અપેક્ષા છે. વધુમાં, તમામ ૮૪ કેન્દ્રીય સરકારી મંત્રાલયો /વિભાગો અને ૩૬ રાજ્યો /કેન્દ્રશાસિત પ્રદેશોને આમંત્રિત કરવામાં આવ્યા છે, જેમાં લગભગ છ કેન્દ્રીય મંત્રાલયો અને ૧૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો આ કાર્યક્રમમાં ભાગીદાર બને તેવી શક્યતા છે. ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે હોલ નંબર 14GF માં ચાર દિવસ માટે ફેલાયેલું અત્યાધુનિક પ્રદર્શન વ્યાપારી તકો માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે અને સહભાગીઓને સંભવિત ભાગીદારો અને ગ્રાહકો સાથે જોડાવા માટે સક્ષમ બનાવશે. ઈવેન્ટના અંતિમ દિવસે ફિલ્ડ વિઝિટનો સમાવેશ થશે. બીજી ઈન્ટરનેશનલ વોશ (WASH) કોન્ફરન્સ-૨૦૨૬ પણ IIWW-2026 ના ભાગરૂપે ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન યોજાશે, જે વોટર, સેનિટેશન અને હાઈજીન (WASH) માં મુખ્ય પડકારોને ઉકેલવા માટે નિષ્ણાતો, સંશોધકો અને પ્રેક્ટિશનર્સને એકસાથે લાવશે. મંત્રાલયે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિદેશી દેશો, ભાગીદાર દેશો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંગઠનો, મંત્રાલયો, વિભાગો, રાજ્ય સરકારો, એનજીઓ, ઉદ્યોગો, પ્રદર્શકો અને જળ ક્ષેત્રમાં કામ કરતા તમામ હિતધારકોને સહભાગી થવા આમંત્રણ આપ્યું છે.

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અનુસંધાને બોટાદ ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ‘વિકાસ સંકલ્પ સભા યોજાઈ

**કોંગ્રેસના સમયમાં દેશમાં જાતિ અને ધર્મના આધારે વૈમનસ્ય ફેલાવીને કરવામાં આવતા રાજકારણ માથી દેશને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુક્ત કરીને વિકાસ આધારિત રાજકારણની શરૂઆત કરી છે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**પહેલા ગરીબના પિતા પરિવાર પર આર્થિક બોજ ન આવે એના માટે ઉપચાર ન કરાવતા, આજે આયુષ્માન કાર્ડ અંતર્ગત રૂ.૧૦ લાખ સુધીનો ઉપચાર નિઃશુલ્ક છે - શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**




**શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલી વાઇબ્રન્ટ ગુજરાત સમિટના પરિણામે આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન અને સૌથી વધુ રોજગાર આપતું રાજ્ય બન્યું છે- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

કમલમ્,
સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અનુસંધાને બોટાદ ખાતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભવ્ય ‘વિકાસ સંકલ્પ સભા’નું યોજાઈ હતી. વિશાળ જનમેદનીને સંબોધતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પહેલા ચૂંટણી દરમિયાન જાતિ અને ધર્મના આધારે વૈમનસ્ય ફેલાવીને રાજકારણ કરવામાં આવતું હતું, પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશને આમાંથી મુક્ત કરીને વિકાસ આધારિત રાજકારણની શરૂઆત કરી છે. ભાજપનો કાર્યકર્તા ૩૬૫ દિવસ જનતા વચ્ચે રહે છે, જ્યારે વિપક્ષપક્ષના લોકો ચૂંટણી સમયે જ દેખાય છે. રાજ્યની આર્થિક પ્રગતિ અંગે તેમણે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પરિણામે આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન અને સૌથી વધુ રોજગાર આપતું રાજ્ય બન્યું છે. તેમણે ઉમેર્યું કે, ભાજપના શાસન પહેલાં રાજ્યમાં માત્ર ૧.૮૧ લાખ MSMEs હતા, જે આજે વધીને ૨૭ લાખથી વધુ થયા છે. રાજ્યનું બજેટ કોંગ્રેસ શાસનમાં રૂ.૩૦,૦૦૦ કરોડ હતું, જે આજે વધીને રૂ.૪,૦૦,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે.

આયુષ્માન ભારત યોજનાની મહત્તા સમજાવતા મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, આયુષ્માન કાર્ડ દ્વારા ૧૦ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર આર્થિક બોજ ઘટ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ યોજના અંતર્ગત ૭૦ વર્ષથી વધુ વયના તમામ વડીલોને કોઈ આવકમર્યાદા સિવાય આવરી લેવામાં આવ્યા છે. તેમણે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, આ યોજના દ્વારા નાના રેંકડીવાળાઓ અને સ્ટ્રીટ વેન્ડર્સને કોઈપણ પ્રકારના મોર્ગેજ વગર સહેલાઈથી ધિરાણ મળે છે, જેનાથી અગણિત લોકો વ્યાજના વિષચક્રમાંથી મુક્ત થયા છે.

અંતમાં મુખ્યમંત્રીશ્રીએ હાજર જનસમુદાયને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપા તરફી જંગી મતદાન કરવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયા, રાજ્ય સરકારના મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા, રાષ્ટ્રીય કિસાન મોરચાનાં ભાજપાના મહામંત્રી શ્રી બાબુભાઈ જેબલીયા, જિલ્લા પ્રમુખશ્રી મયુરભાઈ પટેલ તેમજ હોદ્દેદારો, આગેવાનો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## સંરક્ષણ મંત્રીએ જર્મનીમાં રહેતા ભારતીય સમુદાયને તેમના વારસા સાથે જોડાયેલા રહેવા અને મજબૂત દ્વિપક્ષીય સંબંધોમાં યોગદાન આપવા આગ્રહ કર્યો

**“ભારતીય સમુદાય બંને દેશો વચ્ચેનો સૌથી મજબૂત સેતુ છે.”**



કમલમ્,
સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ૨૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ જર્મનીની તેમની ત્રણ દિવસીય મુલાકાતના પહેલા દિવસે બર્લિનમાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરી હતી. તેમણે લગભગ ૩૦૦,૦૦૦ સભ્યો ધરાવતા વિશાળ ભારતીય સમુદાયની પ્રશંસા કરી, તેઓને બંને દેશો વચ્ચેનો સૌથી મજબૂત સેતુ ગણાવ્યો; તેમનું યોગદાન વેપાર, ટેકનોલોજી, આરોગ્યસંભાળ, શિક્ષણ અને કલા જેવા વિવિધ ક્ષેત્રોમાં ફેલાયેલું છે. સંરક્ષણ મંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક મંચ પર ભારતનું કદ વધ્યું છે. તેમણે કહ્યું, "પહેલાં, આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ભારતના વિચારોને અવગણવામાં આવતા હતા; પરંતુ આજે, સમગ્ર વિશ્વ તેમને ધ્યાનથી સાંભળે છે." તેમણે જર્મનીમાં રહેતા ભારતીયોને વૈશ્વિક સ્તરે ભારતના વિઝનને પ્રોત્સાહન આપવા અને આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવાનો આગ્રહ કર્યો હતો. શ્રી રાજનાથ સિંહે ભાર મૂક્યો કે ૨૦૨૬માં જર્મની સાથે રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષ પૂર્ણ થશે, જે વિશ્વાસ, પરસ્પર આદર અને સહિયારા લોકશાહી મૂલ્યો પર આધારિત છે. તેમણે ભારતીય ડાયસ્પોરાને તેમના મૂળ સાથે જોડાયેલા રહેવા અને મજબૂત ભારત-જર્મની ભાગીદારીમાં યોગદાન આપવાનું ચાલુ રાખવાનો આગ્રહ કર્યો હતો. તેમણે ભારતીય ડાયસ્પોરા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો, વિશ્વના વિવિધ ભાગોમાં રહેતા તેના નાગરિકોને સરકારના સતત સમર્થન અને રક્ષણની ખાતરી આપી હતી. સંરક્ષણ મંત્રીએ ભારતના ઝડપી આર્થિક વિકાસ અને ટેકનોલોજીકલ પ્રગતિ વિશે વાત કરી, જેમાં માળખાગત સુવિધાઓ, સ્ટાર્ટ-અપ્સ, અંતરિક્ષ અને ડિજિટલ નવીનતાના ક્ષેત્રોમાં પ્રગતિ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે ’આત્મનિર્ભર ભારત’નું વિઝન સ્થાનિક ક્ષમતાઓને મજબૂત કરવા, ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવા પર કેન્દ્રિત છે. આ સંવાદને એક ખાસ ક્ષણ ગણાવતા, શ્રી રાજનાથ સિંહે તમામ સહભાગીઓનો તેમની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓ છતાં હાજરી આપવા બદલ આભાર માન્યો. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તેમનું અને તેમના પ્રતિનિધિમંડળનું ઉષ્માભર્યું સ્વાગત ભારત-જર્મની મજબૂત અને વધતી જતી ભાગીદારીનું પ્રતીક છે.

## નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીનો ભુજ ખાતે ભવ્ય રોડ શો યોજાયો

**અસામાજિક તત્વો અને અપરાધીઓની ગેરકાયદેસર મિલકતો અને દબાણો ઉપર આજે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું બુલડોઝર ફરી રહ્યું છે-શ્રી હર્ષભાઈ સંઘવી**



કમલમ્,
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ભારતીય જનતા પાર્ટીના પ્રચાર અભિયાન અંતર્ગત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ભુજ ખાતે ભવ્ય રોડ શો યોજ્યો હતો. જયુબિલી સર્કલ થી લઈને છઠી બારી સુધીના રોડ શોના સમગ્ર રૂટમાં જનમેદની ઉમટી પડી હતી. શ્રી હર્ષભાઈ સંઘવીએ સૌ નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. ઠેર ઠેર નાગરિકોને નાયબ મુખ્યમંત્રી શ્રીને આવકાર્યા હતાં અને પુષ્પવર્ષા તથા પરંપરાગત પાઘડીથી તેઓનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન સમગ્ર વાતાવરણ ‘ભારતમાતા કી જય‘ તથા ‘વંદેમાતરમ‘ ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. રોડ શો માં શ્રી હર્ષભાઈ સંઘવી સાથે કચ્છ જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી દેવજીભાઈ વરચંદ, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, પૂર્વપ્રદેશ મંત્રી રઘુભાઈ હુંબલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. રોડ-શો ના સમાપન બાદ શ્રી હર્ષભાઈ સંઘવીએ ઉપસ્થિત સૌને સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસીઓ તેમની અનેક વર્ષોની સરકારમાં વીજળી, પાણી, રસ્તા જેવી મૂળભૂત સુવિધાઓ પણ નહોતા અપાવી શક્યા જ્યારે ભાજપાના શાસનમાં આ મૂળભૂત સુવિધાઓ તો ઉપલબ્ધ બની જ છે અને સાથે રાજ્યનો સર્વાંગી વિકાસ પણ થયો છે. અસામાજિક તત્ત્વો અને અપરાધીઓની ગેરકાયદેસર મિલકતો અને દબાણો ઉપર આજે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું બુલ્ડોઝર ફરી રહ્યું છે. ભાજપાની સરકાર વિકાસની સુનિશ્ચિતતા સાથે કાયદા વ્યવસ્થાની સ્થિતિ મજબૂત રાખવા માટે કટિબદ્ધ છે. તેઓએ સૌને સ્થાનિક વિસ્તાર, જિલ્લા અને સમગ્ર રાજ્યમાં વિકાસની ગતિને વેગ આપવા માટે તમામ સ્થાનોએ કમળ ખીલવવા નાગરિકોને આહ્વાન કર્યું હતું.

## કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ જમ્મુ-કાશ્મીરના બડગામમાં ઓમપોરા ખાતે ૩૦ બેડની ESIC હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે

**હોસ્પિટલ ૫૦,૦૦૦ થી વધુ કામદારો અને તેમના પરિવારના સભ્યોને સેવા આપશે**



કમલમ્,
કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ૨૪.૦૪.૨૦૨૬ ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના બડગામ જિલ્લાના ઓમપોરા ખાતે નવનિર્મિત ૩૦ બેડની ESIC હોસ્પિટલ (જે ૧૦૦ બેડ સુધી વિસ્તૃત કરી શકાય છે)નું ઉદ્ઘાટન કરશે. આ સુવિધા, જે ૧૦૦ બેડ સુધી વિસ્તૃત કરી શકાય તેવી છે, તે આ પ્રદેશમાં કર્મચારી રાજ્ય વીમા (ESI) યોજના હેઠળ આરોગ્ય સેવા પૂરી પાડવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. એક વિશેષ ભાવના સાથે, ડૉ. માંડવિયા હોસ્પિટલના નિર્માણમાં યોગદાન આપનારા બાંધકામ કામદારોનું સન્માન કરશે. આ સુવિધા આ ક્ષેત્રના ૫૦,૦૦૦થી વધુ કામદારો અને તેમના પરિવારોને સેવા આપશે, જેનાથી બડગામ અને આસપાસના જિલ્લાઓના રહેવાસીઓ માટે આરોગ્યસંભાળની પહોંચમાં સુધારો થશે. હોસ્પિટલ પ્રોજેક્ટ આશરે રૂ. ૧૬૫ કરોડના પ્રોજેક્ટ ખર્ચ સાથે ૫ એકરના વિશાળ વિસ્તારમાં બનાવવામાં આવ્યો છે. હોસ્પિટલ પ્રોજેક્ટમાં હોસ્પિટલ બિલ્ડિંગ, સર્વિસ બિલ્ડિંગ અને ૩૨ રહેણાંક ક્વાર્ટર્સનો સમાવેશ થાય છે જે આશરે ૨૪,૫૦૦ ચોરસ મીટરના પ્લિન્થ એરિયાને આવરી લે છે. શરૂઆતમાં, હોસ્પિટલ ૩૦-બેડ સાથે શરૂ થશે અને ધીમે ધીમે બેડની સંખ્યા વધારીને ૧૦૦ કરવામાં આવશે. આ સુવિધામાં ત્રણ મોડ્યુલર ઓપરેશન થિયેટર અને એક ખાસ ઈમરજન્સી ઓટીનો સમાવેશ થાય છે, જે આયોજનબદ્ધ તેમજ ગંભીર બંને પ્રકારની સર્જરી માટે ઉપયોગી છે. તે કાર્યક્ષમ હિલચાલ માટે ચાર પેશન્ટ લિફ્ટ, શ્રેષ્ઠ હવાની ગુણવત્તા અને આરામ સુનિશ્ચિત કરવા માટે આધુનિક HVAC સિસ્ટમથી સજ્જ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સોલર વોટર હીટિંગ અને સુએજ તથા એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવી ઈકો-ફ્રેન્ડલી સિસ્ટમ્સ છે. ESI યોજના ૧૬ ઓક્ટોબર ૧૯૮૯ ના રોજ જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં દાખલ કરવામાં આવી હતી, જે જમ્મુ, કઠુઆ અને શ્રીનગરમાં લગભગ ૭,૦૦૦ કામદારોને આવરી લેતી હતી. હાલમાં, ESI યોજના જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના તમામ જિલ્લાઓમાં લાગુ કરવામાં આવી છે જે અંદાજે ૧,૮૩,૧૧૯ વીમાધારક વ્યક્તિઓ અને આશરે ૭,૦૦,૦૦૦ લાભાર્થીઓને સેવા આપે છે અને જમ્મુ ખાતેની ESIC પ્રાદેશિક કચેરી અને જમ્મુ-કાશ્મીર કર્મચારી રાજ્ય વીમા સોસાયટી (JKESIS) દ્વારા સંચાલિત થાય છે. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં મેડિકલ બેનિફિટ ડિલિવરી સિસ્ટમ શ્રીનગર, કઠુઆ, કટરા, સામ્બા અને ઉધમપુર ખાતે પાંચ ડિસ્પેન્સરી કમ બ્રાન્ચ ઓફિસો અને JKESI સોસાયટી હેઠળ આઠ કર્મચારી રાજ્ય વીમા યોજના (ESIS) ડિસ્પેન્સરીઓ દ્વારા પ્રાથમિક આરોગ્ય સંભાળ પૂરી પાડે છે-શ્રીનગરમાં ૦૩, જમ્મુમાં ૦૨, અને બડગામ, કઠુઆ અને સામ્બામાં એક-એક. સામ્બાના બારી-બ્રાહ્મણ ખાતેની ૫૦ બેડની ESIC મોડલ હોસ્પિટલમાં સેકન્ડરી કેર ઉપલબ્ધ છે, જેમાં સેકન્ડરી અને સુપર-સ્પેશિયાલિટી સારવાર માટે ૧૫ ખાનગી નર્સિંગ હોમ્સ, હોસ્પિટલો અને ડાયગ્નોસ્ટિક સેન્ટરો સાથે વધારાની ટાઈ-અપ વ્યવસ્થા છે. રોકડ લાભો જમ્મુ ખાતે શાખા કચેરી અને કઠુઆ, સામ્બા, ઉધમપુર, કટરા અને શ્રીનગર ખાતે સ્થિત ૦૫ હેઝર્ડ દ્વારા પહોંચાડવામાં આવે છે.

# ઉપરાષ્ટ્રપતિએ કર્ણાટકના ભાલકીમાં પૂજ્ય ડૉ. બસવલિંગ પટ્ટદેવરુ મહાસ્વામીજીના ૭૫મા વર્ષના મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું



કમલમ્,

ભારતના ઉપરાષ્ટ્રપતિ, શ્રી સી. પી. રાધાકૃષ્ણને કર્ણાટકના બિદર જિલ્લાના ભાલ્કીમાં શ્રી ચન્નાબાસાવશ્રમ ખાતે હિરેમઠ સંસ્થાના પૂજ્ય ડૉ. બસવલિંગ પટ્ટદેવરુમહાસ્વામીજીની ૭૫મી જન્મજયંતિ નિમિત્તે અમૃત મહોત્સવની ઉજવણીનું ઉદ્ઘાટન કર્યું હતું. સભાને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ શિક્ષણ, સુધારા અને આધ્યાત્મિક વિચારધારાના ઐતિહાસિક કેન્દ્ર એવા બિદરના આધ્યાત્મિક રીતે સમૃદ્ધ ક્ષેત્રમાં હાજર રહેવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. બસવન્નાના વારસાનો ઉલ્લેખ કરતા, તેમણે સમાનતાને પ્રોત્સાહન આપવા અને સામાજિક ભેદભાવનો વિરોધ કરવાના તેમના અગ્રેસર પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે વિશ્વના પ્રથમ આધ્યાત્મિક મંચ તરીકે ગણાતા 'અનુભવ મંટપ'ના આદર્શો પેઢીઓને પ્રેરણા આપતા રહે છે. પૂજ્ય ડૉ. બસવલિંગ પટ્ટદેવરુ મહાસ્વામીજીના યોગદાન પર પ્રકાશ પાડતા ઉપરાષ્ટ્રપતિએ તેમને કરુણા અને સેવાના સાચા સ્વરૂપ તરીકે વર્ણવ્યા હતા. તેમણે ૫૦૦ થી વધુ અનાથ અને તરછોડાયેલા બાળકોને આશ્રય, શિક્ષણ અને ગરિમા પૂરી પાડવા અને ૨૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓની સેવા કરતી ૬૦ થી વધુ સંસ્થાઓના વિશાળ શૈક્ષણિક નેટવર્કનું નિર્માણ કરવાના તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વ્યક્ત કરાયેલ "વિકાસ ભી, વિરાસત ભી"ના વિઝનનો ઉલ્લેખ કરતા ઉપરાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતનો વિકાસ તેના સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાની સાથે સાથે થવો જોઈએ. તેમણે અવલોકન કર્યું કે ભારત આજે તકનીકી રીતે અદ્યતન, આર્થિક રીતે મજબૂત અને વૈશ્વિક સ્તરે પ્રભાવશાળી તરીકે ઉભરી રહ્યું છે, જ્યારે તે તેની સંસ્કૃતિના મૂલ્યોમાં ઊંડે સુધી જોડાયેલું છે. ઉપરાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે વારસાના સંરક્ષણ, પરંપરાગત પદ્ધતિઓ, યોગ અને સાંસ્કૃતિક વિરાસત પર ફરીથી ભાર મૂકવાથી નાગરિકોમાં ગૌરવની ભાવના કેળવાઈ છે અને સંસ્કૃતિ પ્રત્યેનો આત્મવિશ્વાસ મજબૂત થયો છે. તેમણે ઉમેર્યું હતું કે આવા પ્રયાસો માત્ર ઈમારતોને સાચવવા માટે જ નથી, પરંતુ આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવા અને લોકોને ભારતના શાશ્વત મૂલ્યો અને પરંપરાઓ સાથે ફરીથી જોડવા માટે છે.

ઉપરાષ્ટ્રપતિએ મહિલા સશક્તિકરણના મહત્વ પર પણ ભાર મૂક્યો અને જણાવ્યું કે "નારી શક્તિ" રાષ્ટ્ર નિર્માણના કેન્દ્રમાં છે. તેમણે અવલોકન કર્યું કે મહિલાઓ નેતૃત્વની ભૂમિકામાં સહાનુભૂતિ અને કરુણા લાવે છે અને જ્યારે મહિલાઓ આગળ વધે છે, ત્યારે પરિવારો સમૃદ્ધ થાય છે, સમુદાયો વધુ મજબૂત બને છે તેમજ રાષ્ટ્ર પ્રગતિ કરે છે.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિએ લોકોને પૂજ્ય સ્વામીજીના જીવન અને ઉપદેશો તથા બસવન્નાના દર્શનમાંથી પ્રેરણા લેવા અને સમાનતા, કરુણા અને ધર્મમાં જોડાયેલા સમાજના નિર્માણ માટે કામ કરવા આહવાન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન 'કલ્યાણ કારુણ્ય' (અભિનંદન ગ્રંથ) નામનું પુસ્તક અને 'બસવ કિરણ' નામનું ફોટો આલ્બમનું વિમોચન કરવામાં આવ્યું. ઉપરાષ્ટ્રપતિએ ચન્નાબાસવ પટ્ટદેવરુની સમાધિની પણ મુલાકાત લીધી હતી અને પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે કર્ણાટકના રાજ્યપાલ શ્રી થાવરચંદ ગેહલોત; રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા શ્રી મલ્લિકાર્જુન ખડગે; કર્ણાટક સરકારના વન, ઈકોલોજી અને પર્યાવરણ મંત્રી શ્રી ઈશ્વર ખંડરે; કર્ણાટક સરકારના મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન મંત્રી શ્રી રહીમ ખાન; અને અન્ય કેટલાક મહાનુભાવો, આધ્યાત્મિક નેતાઓ અને જાહેર પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કર્ણાવતી મહાનગરના દરિયાપુર, ખાડિયા અને લાંભા વોર્ડ ખાતે જાહેરસભાઓને સંબોધિત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

**કોંગ્રેસના શાસનકાળમાં ગુજરાતે અરાજકતા જોઈ અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળના ભાજપાના શાસનમાં સુશાસન, સુરક્ષા અને વિકાસ - શ્રી હર્ષભાઈ સંઘવી**

**દરિયાપુર એ માત્ર એક વિસ્તાર નથી, પણ અમદાવાદનું હૃદય છે - શ્રી હર્ષભાઈ સંઘવી**

**અપરાધીઓની ગેરકાયદેસર મિલકત ઉપર બુલ્ડોઝર ફરવાથી કઈ પાર્ટીના પેટમાં દુખે છે તે આપણે સૌ જાણીએ છીએ - શ્રી હર્ષભાઈ સંઘવી**

**ખાડિયાની ધરતી પવિત્ર, ક્રાંતિકારી અને જનસંઘના ઉદયનું કેન્દ્ર છે - શ્રી હર્ષભાઈ સંઘવી**

**મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા અશાંતધારો વધુ મજબૂત કરાતા પંજાના નિશાન વાળા અને અન્ય પક્ષના પેટમાં તેલ રેડાયું છે - શ્રી હર્ષભાઈ સંઘવી**






**૨૬ તારીખે ભાજપાને મત આપી વિકસિત અને સુરક્ષિત ગુજરાતના સંકલ્પને વધુ મજબૂત કરવા નાગરિકોને આહ્વાન કરતાં શ્રી હર્ષભાઈ સંઘવી**

કમલમ્,

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ કર્ણાવતી મહાનગરના દરિયાપુર, ખાડિયા અને લાંભા વોર્ડ ખાતે જાહેરસભાઓને સંબોધિત કરી હતી. શ્રી હર્ષભાઈ સંઘવીએ કોંગ્રેસના શાસનકાળની અરાજકતા અને ભાજપના સુશાસન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતા મતદારોને રાષ્ટ્રહિત અને સુરક્ષા માટે મતદાન કરવા હાકલ કરી હતી. દરિયાપુર ખાતે જનમેદનીને સંબોધતા શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દરિયાપુર એ માત્ર એક વિસ્તાર નથી, પણ અમદાવાદનું હૃદય છે. અહીંની પોળો, સાંકળી ગલીઓ અને પ્રાચીન મંદિરો આપણી ભવ્ય વિરાસત છે. તેમણે યાદ અપાવ્યું હતું કે આ એ જ ધરતી છે જ્યાંથી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ૧૯૧૭માં મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે વિજય મેળવીને જનસેવાનો પ્રારંભ કર્યો હતો. તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસના રાજમાં આ શહેર ગુંડાઓના નામે ઓળખાતું હતું, પરંતુ ભાજપના શાસને ગુંડાઓ અને અસામાજિક તત્વોને પાઠ ભણાવી અમદાવાદને ભયમુક્ત બનાવ્યું છે. આજે જ્યાં પણ જરૂર પડે ત્યાં ગુનેગારોની ગેરકાયદેસર મિલકત ઉપર બુલડોઝર ફરી રહ્યું છે. આપણને સૌને ખબર છે કે અપરાધીઓની ગેરકાયદેસર મિલકત ઉપર બુલ્ડોઝર ફરવાથી કઈ પાર્ટીના પેટમાં દુખે છે. તેમણે ઉમેર્યું કે ગરીબોને પાકા મકાન, વીજળી અને પાણી પહોંચાડવાનું કાર્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું છે. ખાડિયાની પવિત્ર અને ક્રાંતિકારી ધરતી પર શ્રદ્ધાંજલિ અર્પતા શ્રી સંઘવીએ સ્વ. અશોકભાઈ ભટ્ટને યાદ કર્યા હતા અને ખાડિયાને જનસંઘના ઉદયનું કેન્દ્ર ગણાવ્યો હતો. તેમણે ભૂતકાળને વાગોળતા કહ્યું કે, કોંગ્રેસના સમયમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા કાઢવા માટે પણ સંઘર્ષ કરવો પડતો હતો, રથયાત્રા ઉપર હુમલાઓ, પથ્થરમારો અને ગોળીબાર થતાં જે એ સમયની કથળેલી કાયદો-વ્યવસ્થાનો પુરાવો છે. આજે ભાજપના શાસનમાં દીકરીઓ મોડી રાત સુધી સુરક્ષિત રીતે નવરાત્રીમાં ગરબે ઘૂમી શકે છે. તેમણે અશાંત ધારાને મજબૂત કરવાનો વિરોધ કરનાર પંજાના નિશાન વાળા અને અન્ય પક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, અશાંતધારો મજબૂત થવાથી અમુક પક્ષોને પેટમાં તેલ રેડાયું છે. ગુજરાતના નાગરિકો પર અત્યાચાર કરનાર કોઈને પણ છોડવામાં આવશે નહીં અને હત્યારાઓ જેલમાં જ રહેશે. શ્રી હર્ષ સંઘવીએ મતદારોને ૨૬ તારીખે ભાજપાને મત આપી વિકસિત અને સુરક્ષિત ગુજરાતના સંકલ્પને મજબૂત કરવા આહ્વાન કર્યું હતું. લાંભા ખાતે જાહેરસભામાં શ્રી હર્ષ સંઘવીએ ભાજપ સરકારની વિકાસની રાજનીતિનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, લાંભા અને નારોલ સહિતના વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓને પ્રાધાન્ય આપીને નવી ડ્રેનેજ લાઈન અને રંગોલીનગરમાં જલશુદ્ધિના કામો યુદ્ધના ધોરણે પૂર્ણ કરાયા છે, જેથી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાનું નિરાકરણ લાવી શકાય. લાંભા તળાવનું લોકાર્પણ અને વિસ્તારમાં રોડ-રસ્તા તેમજ સ્ટ્રીટ લાઈટની સુવિધા સહિતના કાર્યો અંગે તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, આ વિસ્તારમાં અત્યાધુનિક અર્બન હેલ્થ સેન્ટર અને ૐ૩ૐ સેન્ટરનું નિર્માણ થઈ રહ્યું છે, તેમજ સામાજિક પ્રસંગો માટે પાર્ટી પ્લોટની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અંતિમ સંસ્કારની વિધિમાં પણ નાગરિકોને તકલીફ ન પડે તે માટે સ્મશાન ગૃહોનું અપગ્રેડેશન કરી ત્યાં બેસવા અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિકાસયાત્રાને અવિરત ચાલુ રાખવા માટે તેમણે લાંભાના જાગૃત નાગરિકોનો સહયોગ અને સમર્થનની અપેક્ષા સાથે સૌને ભાજપા તરફી જંગી મતદાન કરવા હાકલ કરી હતી. આ જાહેરસભાઓમાં કર્ણાવતી મહાનગરના અધ્યક્ષશ્રી પ્રેરકભાઈ શાહ, પ્રદેશ કોષાધ્યક્ષશ્રી પરિંદુભાઈ ભગત, સાંસદશ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# આણંદ જિલ્લાના બોરસદ અને ખંભાત ખાતે જાહેરસભાઓ ગજવતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

**આઝાદી સમયે પૂજ્ય ગાંધીજીએ આપેલી કોંગ્રેસને વિખેરવાની સલાહને અવગણી સત્તાલાલચુ નેતાઓએ તેને માત્ર એક પરિવારની પાર્ટી બનાવી દીધી - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**



**૬૦ વર્ષમાં કોંગ્રેસે દેશની જનતાને જૂઠ્ઠા વચનો આપી, ભ્રમિત કરી દેશને અભણ, બેરોજગાર અને ગરીબીની લાચારીમાં રાખવાનું પાપ કર્યું છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

કમલમ્,

ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આણંદ જિલ્લાના બોરસદ અને ખંભાત ખાતે આયોજિત વિશાળ ચૂંટણી સભાઓને સંબોધતા ભાજપ સરકારની વિકાસગાથા અંગે વાત કરી હતી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. જનમેદનીને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, આઝાદી સમયે પૂજ્ય ગાંધીજીએ કોંગ્રેસના વિખેરવાની સલાહ આપી હતી, પરંતુ સત્તાલાલચુ નેતાઓએ તેને માત્ર એક પરિવારની પાર્ટી બનાવી દીધી.

૬૦ વર્ષમાં કોંગ્રેસે દેશની જનતાને જૂઠ્ઠા વચનો આપી, ભ્રમિત કરી દેશને અભણ, બેરોજગાર અને ગરીબીની લાચારીમાં રાખવાનું પાપ કર્યું છે. તેમણે ગૌરવભેર ઉમેર્યું કે, વર્ષ ૨૦૨૨માં બોરસદની જનતાએ જે કમળ ખીલવી કોંગ્રેસની 'કાળી ટીલી' ભૂંસવાનું ઐતિહાસિક કાર્ય ભાજપના કાર્યકરો અને નગરજનોએ કર્યું છે. શ્રી વિશ્વકર્માએ વિકાસના આંકડા રજૂ કરતા કહ્યું કે, જનતાના એક મતના વળતરમાં ભાજપ સરકારે વિકાસકાર્યોની હારમાળા સર્જી છે. બોરસદમાં મહી નદી આધારિત સર્ફેસ વોટર સપ્લાય માટે ૭૦ કરોડ, ભૂગર્ભ ગટર માટે ૧૬ કરોડ, આરસીસી રોડ માટે ૧૨ કરોડ અને પેવર બ્લોક-સ્ટ્રીટ લાઈટ સહિતના અન્ય કામો માટે ૩૨ કરોડ મળી કરોડોના ખર્ચે સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે માત્ર સાડા ત્રણ વર્ષમાં બોરસદમાં ૫૫૦ કરોડથી વધુના વિકાસકામો મંજૂર કર્યા છે. આજે સમગ્ર રાજ્યમાં ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે, જ્યારે કોંગ્રેસ પાસે ચૂંટણી લડવા ઉમેદવારો પણ નથી, જે તેમની હારનું પ્રતીક છે. કોંગ્રેસ ડૂબતી નાવ છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, આયુષ્માન કાર્ડ દ્વારા ગરીબોને ૧૦ લાખ સુધીની મફત સારવાર, 'પીએમ સૂર્યઘર યોજના' હેઠળ સોલર પેનલમાં સબસિડી અને 'નમો લક્ષ્મી યોજના' દ્વારા ધોરણ ૯ થી ૧૨ની દીકરીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે, કોંગ્રેસે વર્ષો સુધી સરદાર સરોવર ડેમની ઊંચાઈ વધારવા મંજૂરી ન આપી, પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બન્યાના માત્ર ૧૭ જ દિવસમાં દરવાજા નાખવાની મંજૂરી આપી કેવડિયાથી કચ્છ સુધી પાણી પહોંચાડ્યું છે. તેમણે કોંગ્રેસના શાસનને ભ્રષ્ટાચારનો પર્યાય ગણાવતા કહ્યું કે, કોંગ્રેસના વખતમાં A એટલે આદર્શ કૌભાંડ, B એટલે બોફર્સ કૌભાંડ અને C એટલે કોમનવેલ્થ કૌભાંડ. રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે સંવેદનશીલ બની શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે, આજે ૨૨ એપ્રિલે પહલગામ આતંકી હુમલાને એક વર્ષ થયું છે, જેમાં અનેક પરિવારોએ વ્હાલસોયા ગુમાવ્યા હતા.

કોંગ્રેસના નેતાઓ આતંકી હુમલા વખતે માત્ર પ્રેસ કોન્ફરન્સ કરી સંતોષ માનતા, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં આતંકવાદીઓને ઘરમાં ઘૂસી 'ઓપરેશન સિંદૂર' કરી જડબાતોડ જવાબ અપાય છે. આગામી ૨૬ તારીખે જંગી મતદાન કરી ભાજપના ઉમેદવારોને પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા તેઓએ મતદારોને હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી રમણભાઈ સોલંકી, મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી સંજયભાઈ પટેલ, સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, પ્રભારીશ્રી વર્ષાબેન દોષી સહિત જિલ્લા ભાજપના આગેવાનો, અગ્રણીઓ, કાર્યકરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા જિલ્લાના માતર અને નડિયાદ ખાતે ભાજપા ઉમેદવારોના સમર્થનમાં જાહેરસભાઓને સંબોધન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

**શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્ઞાતિવાદ, જાતિવાદ અને પ્રાંતવાદના રાજકારણને તિલાંજલિ આપીને વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ કર્યો -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**





**કોંગ્રેસનો 'કાળો પંજો' ગુજરાતની તિજોરી પર હાથ મારવા મથી રહ્યો છે, પરંતુ ૩૦ વર્ષ થી જનતાએ તેમને સચોટ જવાબ આપી ઘરભેગા કરી દીધા છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા એ ખેડા જિલ્લાના માતર અને નડિયાદ ખાતે ભાજપા ઉમેદવારો ના સમર્થનમાં જાહેરસભાઓને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે કાર્યકર્તાઓ અને જનમેદનીને સંબોધન કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ભારતની આઝાદીના ઈતિહાસમાં માતર મહત્વનો પાયો નાખનાર સ્થાન રહ્યું છે. નડિયાદની ભૂમિએ આપણને લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ આપ્યા છે. નડિયાદમાં મહાનગરપાલિકાની પ્રથમ ચુંટણી યોજાવા જઈ રહી છે. સરદાર સાહેબની આ ભૂમિ પર પ્રથમ વખત નગરસેવક તરીકે ચુંટાવવુ એ ગર્વનો વિષય છે. તેમણે નડિયાદ મનપાના ૧૩ વોર્ડના ભાજપાના તમામ ૫૨ ઉમેદવારોના તેમજ ખેડા જિલ્લાના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના ભાજપાના સૌ ઉમેદવારોના ભવ્ય વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેઓએ જણાવ્યું કે, વર્ષ ૨૦૦૦ની આસપાસ જ્યારે ગુજરાત કુદરતી હોનારતો અને પાણીની તંગીથી ઝઝૂમતું હતું, ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ધુરા સંભાળી હતી. તેમણે જ્ઞાતિવાદ, જાતિવાદ અને પ્રાંતવાદના રાજકારણને તિલાંજલિ આપીને વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ કર્યો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ગુજરાત જ નહીં, પણ દેશના ૧૯ રાજ્યોમાં અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભાજપા અને NDAની સરકારો જનસેવા કરી રહી છે. ગુજરાતની જનતાએ છેલ્લા ૩૦ વર્ષથી ભાજપા અને શ્રી મોદીજી પર અતુટ વિશ્વાસ મૂક્યો છે, જેના કારણે આજે કમળની મહેક વિકાસ સ્વરૂપે પ્રસરી રહી છે. તેમણે કહ્યું કે, આઝાદી બાદ ૬૦ વર્ષ સુધી કોંગ્રેસનું શાસન રહ્યું પણ કોંગ્રેસ માટે સત્તા માત્ર પરિવારવાદ અને જનતાના શોષણનું સાધન રહી છે. શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું કે, કોંગ્રેસે ભારતીયોને મજૂરી કરતા વર્ગ તરીકે જોયા અને જ્ઞાતિવાદ અને જાતિવાદની રાજનીતિ કરી. પરિવારવાદી પાર્ટીએ સતત જનતાનું લોહી ચૂસવાનું જ કામ કર્યું છે. ભાજપ માત્ર ચૂંટણી સમયે દેખાતી પાર્ટી નથી, પરંતુ ૫૦ હજારથી વધુ બૂથ પર કાર્યકર્તાઓ સતત પ્રજા વચ્ચે રહી સેવા અને સમર્પણ ના ભાવ સાથે કાર્ય કરે છે. કોંગ્રેસના શાસનકાળના કાળા દિવસો યાદ અપાવતા પ્રદેશ અધ્યક્ષશ્રીએ કહ્યું કે, એક સમયે ગુજરાત ગુંડાતત્વો, કરફ્યુ અને રમખાણો માટે ઓળખાતું હતુ. ૧૯ માર્ચ ૧૯૮૭ના એ કાળા દિવસને યાદ કરતા તેમણે કહ્યું કે, જે રીતે આજે પંજાબમાં ખેડૂતો પર લાઠીચાર્જ થાય છે, તેવી જ રીતે કોંગ્રેસે ગુજરાતમાં ૧૯ નિર્દોષ ખેડૂતો પર ગોળીઓ ચલાવી તેમને કોંગ્રેસે નિર્દયી રીતે શહીદ કર્યા હતા. આજે એ જ 'કાળો પંજો' ગુજરાતની તિજોરી પર હાથ મારવા મથી રહ્યો છે, પરંતુ જનતાએ તેમને સચોટ જવાબ આપી ઘરભેગા કરી દીધા છે. આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ ભાજપાના સૌ ઉમેદવારો વિકાસકાર્યો માટેની સંકલ્પબદ્ધતા સાથે સતત જનતા વચ્ચે રહી કાર્ય કરવાની કટિબદ્ધતા સાથે ચૂંટણીના મેદાનમાં ઉતર્યા છે. સરકારની કામગીરી અંગે વાત કરતા શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે, વડાપ્રધાન બનતાની સાથે જ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માત્ર ૧૭ દિવસમાં સરદાર સરોવર ડેમના દરવાજા મૂકવાની મંજૂરી આપી ગુજરાતની વર્ષો જૂની પાણીની સમસ્યાનો અંત આણ્યો. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ખેડૂતોને અતિવૃષ્ટિમાં ૧૦ હજાર કરોડની સહાય, ટેકાના ભાવે ૧૫ હજાર કરોડની ખરીદી અને ટ્રેક્ટર ખરીદી માટે સહાય આપી રહી છે. ખેડૂતો કોંગ્રેસના શાસનમાં અંધકારમાં જીવતા હતા, વાળુંસમયે પણ વીજળી નહોતી મળતી. આજે ગુજરાતમાં ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ છે અને ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી મળે તેની વ્યવસ્થા કરાઈ છે. તેમણે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેજી દ્વારા વારંવાર કરવામાં આવતા ગુજરાતીઓના અપમાન અંગે રોષ વ્યક્ત કરતા કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતનું અપમાન દેશની જનતા ક્યારેય સહન નહીં કરે. ગુજરાતીઓના અપમાન બાદ હવે શ્રી મોદીજીને ખડગેજીએ આતંકવાદી કહ્યા છે તે કોંગ્રેસની હલકી માનસિકતા દર્શાવે છે. કોંગ્રેસની નૌકા ડૂબી રહી છે. જે પક્ષ પોતાના મેન્ડેટ આપેલા ઉમેદવારોને નથી બચાવી શકતો, તે દેશ અને રાજ્યનું શું ભલું કરશે? તેમણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોની બિનહરીફ જીતને વધાવી, આગામી ૨૬ તારીખે જંગી મતદાન કરી 'વિકાસના કમળ'ને વધુ મજબૂત કરવા જનતાને આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાના ભાજપા અધ્યક્ષ શ્રીમતી નયનાબેન પટેલ, સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ, જિલ્લા પ્રભારીશ્રી રમેશભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રીમતી હેમલબેન પટેલ, સિનિયર આગેવાનો, અગ્રણીઓ, મોટી સંખ્યામાં કાર્યકરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028